For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ઉત્તરાયણ પર્વ લોહિયાળ બન્યું

## સયાજી હોસ્પિટલમાં બે દિવસમાં 278 કેસ નોંધાયા; 4ના કરુણ મોત

**ઈમરજન્સી** ટીમે રાત-દિવસ જોયા વગર તમામ દર્દીઓને તાત્કાલિક સારવાર પૂરી પાડી : ડો હિતેન્દ્ર ચૌહાણ

(પ્રતિનિધિ), વડોદરા. તા.16

વડોદરામાં ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના પર્વ દરમિયાન હોસ્પિટલોમાં ઈમરજન્સી કેસોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. શહેરની મધ્યમાં આવેલી રાજ્યની સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ કુલ ૨૭૮ કેસ નોંધાયા હતા. તહેવારના આ બે દિવસોમાં પતંગની દોરી અને અન્ય અકસ્માતોને કારણે અનેક પરિવારોની ખુશીઓ ગમગીનીમાં ફેરવાઈ હતી. આ બે દિવસોમાં પતંગના જીવલેણ દોરાથી ઈજાગ્રસ્ત થયેલા કુલ ૪૧ દર્દીઓ સારવાર માટે સયાજી હોસ્પિટલ પહોંચ્યા હતા. જેમાં મોટાભાગના કિસ્સાઓમાં ટુ-વ્હીલર ચાલકોના ગળા કપાવવાની ઘટનાઓ બની હતી. હોસ્પિટલના તંત્ર દ્વારા આ ઈજાગ્રસ્તો માટે ખાસ વોર્ડ અને ડોક્ટરોની ટીમ તહેનાત રાખવામાં આવી હતી. સૌથી દુખદ બાબત એ રહી કે, આ ગંભીર ઘટનાઓમાં કુલ ૪ લોકોના કરુણ મોત નિપજ્યા છે. ઉત્તરાયણના પર્વ પર થયેલા આ મોતે સમગ્ર શહેરમાં અરેરાટી ફેલાવી દીધી છે. મૃતકોમાં દોરીથી ગળું કપાવાને કારણે અને અકસ્માતને લીધે જીવ ગુમાવનારા દર્દીઓનો સમાવેશ થાય છે. બે દિવસ દરમિયાન કુલ ૨૭૮ કેસ આવતા હોસ્પિટલનો ટ્રોમા સેન્ટર સતત ધમધમતું રહ્યું હતું. ઈજાગ્રસ્તોમાં પતંગના દોરાથી ઈજાગ્રસ્ત થયેલા લોકો, ધાબા પરથી પડી જવાથી થયેલી ઈજાઓ, માર્ગ અકસ્માતમાં ઘવાયેલા લોકો સારવાર હેઠળ સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ હિતેન્દ્ર ચૌહાણ ના જણાવ્યા અનુસાર, ઈમરજન્સી ટીમે રાત-દિવસ જોયા વગર તમામ દર્દીઓને તાત્કાલિક સારવાર પૂરી પાડવા માટે મહેનત કરી હતી. જોકે, તહેવારના પર્વ પર થયેલા આ મોતના આંકડાએ સુરક્ષા વ્યવસ્થા અને ચાઈનીઝ દોરીના ઉપયોગ સામે ફરી એકવાર સવાલો ઉભા કર્યા છે.

## બે દિવસમાં 20થી વધુ લોકોને દોરી વાગી, ગોત્રી હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોની કતાર

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરમાં મકર સંક્રાંતિના પર્વની ઉત્સાહભરી ઉજવણી વચ્ચે પતંગની કાતિલ દોરી અનેક લોકો માટે ગંભીર અકસ્માતનું કારણ બની. 14 અને 15 જાન્યુઆરી દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં દોરી વાગવાના અનેક બનાવો સામે આવ્યા, જેમાં 20થી વધુ ઈજાગ્રસ્તોને સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઉત્તરાયણના પર્વને ધ્યાનમાં રાખીને ગોત્રી હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં તબીબો તથા પેરામેડિકલ સ્ટાફની વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. હોસ્પિટલના આર.એમ.ઓ. દ્વારા મળતી માહિતી મુજબ, માત્ર બે દિવસમાં 18 થી 20 જેટલા કેસ પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થયેલા લોકોના



નોંધાયા હતા. તમામ દર્દીઓને તાત્કાલિક સારવાર પૂરી પાડવામાં આવી હતી.

ઈજાગ્રસ્તોમાં મોટાભાગના લોકો ટુ-વ્હીલર પર મુસાફરી કરતી વખતે ચાઈનીઝ અથવા કાચ પાયેલી દોરીનો ભોગ બન્યા હતા. કેટલાકને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, તો કેટલાકને નાક, હાથ અને પગની આંગળીઓમાં ઊંડા ઘા પડ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, 4 થી 5 દર્દીઓને ગંભીર ઈજાના કારણે ટાંકા લેવા પડ્યા હતા. સદનસીબે, આ સમયગાળા દરમિયાન કોઈ જાનહાનિનો બનાવ નોંધાયો નથી. તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. ગોત્રી હોસ્પિટલના સત્તાધીશોએ જણાવ્યું હતું કે પર્વ દરમિયાન ઈમરજન્સી સેવાઓ સતત કાર્યરત રાખવામાં આવી હતી જેથી કોઈ પણ અકસ્માતના કિસ્સામાં ત્વરિત સારવાર મળી શકે. તબીબોએ વાહનચાલકોને સલાહ આપી હતી કે ઉતરાયણ દરમિયાન ગળામાં સુરક્ષાત્મક પટ્ટી બાંધે અથવા વાહનમાં સેફ્ટી ગાર્ડ લગાવે, જેથી પતંગની દોરીથી થતી જીવલેણ દુર્ઘટનાઓથી બચી શકાય.

## ઉતરાયણમાં પક્ષીઓના ઘા રુઝાયા, પણ આતશબાજીએ શહેરને દઝાડ્યું! 17 સ્થળે ફાયર ફાઈટરોની દોડધામ

**ધાબા** પરથી પટકાયેલા બાળકને હોસ્પિટલ ખસેડાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.16

સંસ્કારી નગરી વડોદરામાં ઉતરાયણ અને વાસી ઉતરાયણના પર્વની ઉજવણી દરમિયાન એક વિરોધાભાસી ચિત્ર જોવા મળ્યું છે. દર વર્ષની સરખામણીએ આ વર્ષે પતંગની દોરીથી પક્ષીઓ ઈજાગ્રસ્ત થવાના કિસ્સાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, પરંતુ બીજી તરફ શહેરમાં આગ લાગવાના બનાવોમાં વધારો થતા ફાયર બ્રિગેડ દોડતું થયું હતું.

ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, 14 અને 15 જાન્યુઆરી એમ બે દિવસ દરમિયાન શહેરમાં આગ લાગવાના કુલ 17 બનાવો બન્યા હતા. જેમાં નટુભાઈ સર્કલ પાસે આવેલા સિનેમોલ માં લાગેલી આગ સૌથી મોટો 'મેજર કોલ' સાબિત



થયો હતો. સદનસીબે, ભારત પેટ્રોલ પંપની બાજુમાં આવેલા આ મોલમાં લાગેલી આગને ફાયર બ્રિગેડની ટીમે ગણતરીની 15-20 મિનિટમાં કાબૂમાં લઈ લીધી હતી. અન્ય બનાવોમાં કાલુપુરા રોડ, વાસણા, ખોડિયાર નગર અને દંતેશ્વર જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. આગ લાગવા પાછળના મુખ્ય કારણોમાં રાત્રિ દરમિયાન કરવામાં આવતી આતશબાજી, સળગતી હવાઈઓ રહેણાંક વિસ્તારોમાં પડવી અને ધાબા પર સાઉન્ડ સિસ્ટમના કારણે થતું હાઈ વોલ્ટેજ વેરિએશન શોર્ટ સર્કિટ જવાબદાર હોવાનું સામે આવ્યું છે.

જીવદયા પ્રેમીઓ માટે રાહતના સમાચાર એ છે કે આ વખતે પક્ષીઓ ઘાયલ થવાના બનાવો ઘટ્યા છે. બે દિવસમાં પક્ષીઓના રેસ્ક્યુ માટેના કુલ 26 કોલ મળ્યા હતા, જેમાંથી 14 તારીખે 8 અને 15 તારીખે 18 પક્ષીઓને બચાવવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્ત પક્ષીઓને તાત્કાલિક સારવાર માટે નિર્ધારિત કેમ્પમાં ખસેડવામાં આવ્યા હતા. આગ ઉપરાંત, ફાયર વિભાગને ત્રણ રેસ્ક્યુ કોલ મળ્યા હતા, જેમાં લિફ્ટમાં ફસાયેલા લોકો અને ધાબા પરથી પડી ગયેલા એક બાળકનો સમાવેશ થાય છે. નવરંગ ટોકીઝ સામે ધાબા પરથી પડેલા બાળકને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે SSG હોસ્પિટલમાં ખસેડી સારવાર આપવામાં આવી હતી. તંત્ર દ્વારા નોંધવામાં આવ્યું છે કે ઘણા રહેણાંક મકાનોનો ગોડાઉન તરીકે ઉપયોગ થતો હોવાથી આગ લાગવાના જોખમો વધી રહ્યા છે, જે બાબતે આગામી સમયમાં તપાસ હાથ ધરાઈ છે.

માંજલપુર જીઆઈડીસી કોલોનીમાં અસામાજિક તત્વોના હુમલાથી ભયનો માહોલ

## દારૂડિયાઓનો આતંક, આંગણે પાર્ક કરેલા ઈ-વ્હીકલની તોડફોડ, ઘરમાં પથ્થરો ફેંક્યા

**જૂની** અદાવતના કારણે વિપુલ નામના શખ્સે તોડફોડ કરાવી હોવાના આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં જીઆઈડીસી કોલોનીમાં રહેતા પટેલ પરિવારના ઘર આંગણે પાર્ક કરેલ ઈલેક્ટ્રીક ગાડીને અજાણ્યા ઈસમો મોટા પથ્થરો વડે તોડફોડ કરી પલાયન બનતા પરિવારજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. જૂની અદાવતના કારણે આ કૃત્ય આચરવામાં આવ્યું હોવાના પણ પરિવારજનોએ આક્ષેપ લગાવ્યા હતા. જ્યારે ગાડીમાં કરાયેલ તોડફોડની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

વડોદરા શહેરના સી 12- 203 જીઆઈડીસી કોલોની મકરપુરા ખાતે રહેતા અતુલભાઈ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ઘટના સવારે સવા ચારથી સાડા ચાર વાગ્યાના અરસામાં બની છે. હું માર્કેટ ગયો, એ દિવસે એમને લાગ્યું કે ઘરમાં કોઈ નથી, છોકરાઓ પણ બહાર ફરવા ગયા છે, તો આ લોકોએ મોટા મોટા પથ્થરો લાવીને અમારી ગાડીને નુકસાન કર્યું છે. ઘરના દરવાજા ઉપર પણ પથ્થર માર્યા છે. મારી ગાડીને તોડી નાખી છે. આ લોકોએ અગાઉ દિવાળી ઉપર અતુલ શક્તિ ગાડીને આ લોકો રાત્રે દારૂ પીને ફૂલ નશાની હાલતમાં તેને ઠોકીને જતા રહ્યા હતા, તો એ દિવસે પણ અમે રાત્રે પોલીસને બોલાવી હતી, પણ એમના બધા અંદરો અંદર મિત્રો એ એવું કીધું કે તમારી બંને ગાડીઓ ઠોકાઈ છે, તો અમે તમને ખર્ચા પેટે એફઆઈઆર ના કરો. અમે તમને ગાડી કમ્પલેટ કરી આપીશું કાંતો પૈસા આપી દઈશું, ગાડી રીપેરીંગ કરી આપીશું. પછી એક દોઢ મહિનો થયો, ત્યાં સુધી અમને કશું કરી આપ્યું નહીં અને એની અવેજમાં અમને છોટા હાથી ગાડી વાપરવા આપી હતી.

એણે સામેથી એવી અરજી કરી કે આ લોકો અમારી ગાડી લઈ ગયા છે અને અમને આપતા નથી. તો પોલીસે આવીને એવું કીધું કે તમે ગાડી અહીંયા જમા કરાવી દો તો અમે પોલીસ ચોકી એ ગાડી જમા કરાવી દીધી હતી. વિપુલભાઈને કહો કે અમારી ગાડી નું કરી આપે કાં તો અમને ખર્ચો આપે, કારણ કે અમારો ધંધો બંધ છે, તો એ વખતે વિપુલભાઈ અને બીજા દસેક માણસો જે બધા પલટી ખાઈ ગયા હતા કે, ભાઈ આવી કોઈ વાત થઈ નથી. એ રીતની પલટી મારી અને આજે આ વિપુલે જ બધું કરાવ્યું છે. અમારી માંગણી એક જ છે કે, અમને અમારા બે ટેમ્પા નો જે રીપેરીંગ નો ખર્ચો હોય એ આપે.

વિફરેલી મહિલાઓએ વહીવટી વોર્ડ 4ની ઓફિસે મોરચો માંડી હલ્લો મચાવ્યો

## પૂર્વ વિસ્તારમાં જય મહાકાળી આવાસના મકાનોમાં ગટર પાણીની વિકટ સમસ્યા

**આવનારી** ચૂંટણીમાં વોટ નહિ આપી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી



(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરમાં નવા વર્ષના પ્રારંભેથી શરૂ થયેલી પાણી ડ્રેનેજની સમસ્યા યથાવત જોવા મળી રહી છે. ત્યારે શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા જય મહાકાળી ફ્લેટ્સ આવાસના મકાનોમાં છેલ્લા ઘણા સમયથી ઉભરાતી ગટરો અને પાણી પ્રશ્ને અનેક રજૂઆત કરવામાં આવી હોવા છતાં પણ સમસ્યાનું યોગ્ય નિરાકરણ નહીં આવતા વહીવટી વોર્ડ નંબર ચારની કચેરીએ મહિલાઓએ મોરચો માંડી હલ્લાબોલ કર્યું હતું.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી અને વિકસિત વડોદરાની વાતો કરાતી હોવા છતાં શહેરના પૂર્વ વિસ્તારમાં ગટર તથા પાણીની સમસ્યાથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વાડી વિધાનસભાના ચૂંટણી વોર્ડ નંબર 4 માં આવેલા જય મહાકાળી ફ્લેટ આવાસના મકાનોમાં ઘણા સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા યથાવત હોવાથી રહીશો ભારે પરેશાન થઈ ઉઠ્યા છે. વારંવાર રજૂઆત છતાં સ્થાનિક કાઉન્સિલરો કોઈ કાર્યવાહી કરતા નથી. મહિલાઓએ આક્ષેપ કર્યા હતા કે, વોટ લેવા માટે તો રાત દિવસ અમારે ઘેર આવનારા નેતાઓ આજે ગટર અને પાણીની સમસ્યામાં અમારી પૂછપરછ કરવા પણ આવતા નથી. ત્યારે, વિફરેલી મહિલાઓએ વહીવટી વોર્ડ નંબર-4ની ઓફિસે મોરચો માંડ્યો હતો, જ્યાં રજૂઆત સાંભળનાર અધિકારી પણ હાજર નહીં હોવાથી મહિલાઓ રોષે ભરાઈ હતી અને મહિલાઓએ કોર્પોરેટરો વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. લાંબા સમયથી ચાલતી સમસ્યાને કારણે લોકોમાં ભારે નારાજગી વ્યાપી છે અને તંત્રે તાત્કાલિક કામગીરી કરે તેવી માગ ઉઠી રહી છે.

આંતરરાજ્ય ગેંગ દ્વારા અત્યાર સુધીમાં 19 જેટલા વિવિધ ગુનાને અંજામ અપાયો


## ટ્રેનોમાં મુસાફરોનો સામાન ચોરનાર હરિયાણાની 'સાંસી ગેંગ' વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ

**રેલવે** પોલીસ દ્વારા આ ગેંગના 5 આરોપીઓની ધરપકડ કરીને રિમાન્ડ મેળવવા તજવીજ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

ગુજરાત રાજ્ય સહિત અન્ય રાજ્યોમાં રેલ્વેમાં વારંવાર મુસાફરી કરનાર લોકોના કિંમતી સામાનની ચોરી કરી સંગઠીત રીતે ચોરીને અંજામ આપતી આંતરાજ્ય ગેંગ "સાંસી ગેંગ" વિરૂદ્ધ ગુજરાત આંતકવાદ અને સંગઠીત ગુના નિયંત્રણ અધિનિયમ (GCTOC) પશ્ચિમ રેલ્વે વડોદરા પોલીસ દ્વારા ગુનો નોધવામાં આવ્યો છે. જેમાંથી પાંચ આરોપીઓની ધરપકડ કરીને તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ ગેંગ દ્વારા પશ્ચિમ રેલવેમાં દોડી રહેલી ટ્રેનોમાં મુસાફરી કરતા લોકોની સામાન ચોરી કરી 19 ગુનાને અંજામ આપ્યો છે.

પશ્ચિમ રેલ્વે વડોદરા યુનિટના સહિતના યુનિટના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં વારંવાર સંગઠીત ગુના ટોળકી સ્વરૂપે ગુનાઓ આચરતી ટોળકી વિરૂદ્ધ ગુજરાત આંતકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ 2015 (GCTOC) મુજબ કાર્યવાહી હાથ ધરાઇ છે. જેના અંતર્ગત વડોદરા રેલવે એલસીબી પીઆઇ દ્વારા પશ્ચિમ રેલ્વે વડોદરાના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં ભુતકાળમાં દાખલ થયેલા ગુનાઓ પૈકી ડીટેક્ટ થયેલા ગુનાઓમાં પકડાયેલા આરોપીઓની માહિતી મેળવવા અને હાલ અન-ડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા અને કોઇ સંગઠિત ગુનાહિત ટોળકીની સંડોવણીની માહિતી એકત્ર કરાઇ હતી. ત્યારે આ ટ્રેનોમાં લોકોના સામાન કરવા ચોરનાર હરીયાણા રાજ્યની "સાસી ગેંગ"નું નામ ખુલ્યું છે.જેમાં આ ગેંગ દ્વારા સંગઠીત ગુના ટોળકી દ્વારા પશ્ચિમ રેલ્વે વડોદરાના તથા સહિતના યુનિટના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં મુસાફરોના મોટી રકમની કિંમતના સામાનની ચોરી કરીને 19 ગુના આચરવામાં આવ્યાં છે. આ સંગઠિત ગેંગના મુખ્ય સુત્રધાર રાજબિરસિંગ ઉર્ફે રાજવીરસિંગ ઓમપ્રકાશ સાંસી તથા સભ્યો દ્વારા ચોરીને અંજામ આપવામાં આવ્યો હોવાના કારણે આ સાંસી ગેંગના 8 સભ્યો સામે આતંકવાદ અને સંગઠીત ગુના નિયંત્રણ અધિનિયમ-2015 (GCTOC) ની કલમ-13(1)(2), 3(2),3(4) મુજબનો રેલ્વે પોલીસ દ્વારા ઉમેરો કરવામાં આવ્યો છે. જેમાં આઠ આરોપીઓ પૈકીના 5 આરોપીઓ રાજબીરસિંગ ઓમપ્રકાશ સાંસી, મેનપાલ જયકરણ સાંસી, સન્ની નરેશ સાંસી, જગદીશચંદ્ર ચરમદાસ સાંસી તથા સતબીર બનવારી સાંસીની ધરપકડ કરી લેવામાં આવી હતી અને તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાઇ છે.



### આરોપીઓના નામ અને સરનામા

**રાજબિરસિંગ ઉર્ફે રાજવીરસિંગ ઓમપ્રકાશ સાંસી** (ધંધો. કબાડી, રહે-વોર્ડ નં.2, રો-પત્તી મહોલ્લો, સુઝુમા રોડ ગામ.કલાથત,પોસ્ટ-કલાયત, તા.કલાયત, જી.કેથલ, હરિયાણા)

**મેનપાલ ઉર્ફે ટેની ઉર્ફે જયકરણ સાધુરામ સાંસી** (ધંધો.વાસણની ફેરી, રહે-ગામ.રોહનાત, તા.ભિવાનીખેડા, થાના-ભિવાનીખેડા, જી.ભિવાની, હરિયાણા)

**સન્ની ઉર્ફે ગની નરેશ સાંસી** (ધંધો કુટની લારી રહે.રામસિંગ કોલોની, વોર્ડ નં.૨. ભિવાની રોડ, હાંસી, થાના- હાંસી, હરિયાણા)

**જગદીશચન્દ્ર ચરનદાસ સાંસી** (ધંધો.ઢોલ વગાડવાનો, રહે.લુહારી રાગો તા.નારનોદ જી.હીસાર હરીયાણા)

**સતબીર બનવારી સાંસી** (રહે.હાંસી, હીસ્સાર, હરિયાણા)

**સુનિલ ધર્મપાલ સાંસી** (રહે. ગણેશ કોલોની હાંસી.તા.હાંસી, જી. હિસ્સાર હરિયાણા, મુળ રહે. બાતલા તા. હાંસી, જી-હિસ્સાર, હરિયાણા,)

**રવિસિંગ ધુવીરસિંગ સાંસી** (રહે. સુલ્તાનપુરી નોર્થ વેસ્ટ દિલ્હી, મુળ રહે. ગામ બાલમ, થાના મહેમ.જી.રોહતક, (હરીયાણા)

**મીન્ટુ મહેન્દ્રસિંહ જાતે-સાંસી** (રહે.ગામ સોરખી, તળાવવાળી ગલી, સોરબી બસ સ્ટેશનની બાજુમાં, થાના-હાંસી, જી-હિસ્સાર, હરીયાણા)

### કેવી રીતે ચોરીને અંજામ આપતા હતા

આ ગેંગના સાગરીતો પેસેન્જરોને ટ્રેનમાં ચઢવાના કે ઉતરવાના સમયે ટાર્ગેટ કરતા હતા ત્યારબાદ પેસેન્જરને ચારે બાજુઓથી ઘેરી લઈ ચઢવા અને ઉતરવા બાબતે ધક્કા-મુક્કી કરી તેમના કિંમતી દર-દાગીના ભરેલ બેગ અને થેલો તેમની નજર ચુકવી સરકાવી લઈ ચેઇન તિક્ષ્ણ હથિયાર વડે ખોલી કિંમતી દર દાગીના ભરેલ નાનું પર્સ, બેગ પાઉચ કાઢી લઈ ચેઇન બંધ કરી દેતા હતા.

રેલીશ હોટલ પાસે રોડ ક્રોસ કરતી વખતે ગમખ્વાર અકસ્માત

## હાલોલ રોડ પર ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત : બાળકી સહિત 2 મોત, 4ને ઈજા

**જરોદ** પોલીસે અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં

(પ્રતિનિધિ) વડોદરા. તા.16

વડોદરા હાલોલ રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો. જેમાં રેલીશ હોટલ પાસે રોડ ક્રોસ કરતી વખતે ઈકો કાર અને બાઈક ચાલક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ઈકો કારમાં સવાર પરિવાર મેડી મદાર ગામના રહેવાસી હતા. આ અકસ્માત ખુબ જ ગંભીર હતો, જેમાં ઈકો કાર માં સવાર પુત્રી રક્ષાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાઓને કારણે તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. જ્યારે બાળકીના માતા પિતા ને સામાન્ય ઈજાઓ પહોચતા તત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બાળકીના



અચાનક મૃત્યુ ને કારણે પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો અને ઘટનાસ્થળે કરુણ દ્રશ્યો સર્જાયા હતા. બીજી તરફ બાઈક પર સવાર પરિવાર માંથી બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠલા 2 સંતાનોને પણ ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતમાં એક તરફ બાઈક ચાલકના સંતાનોએ પોતાના પિતા ગુમાવ્યા છે, તો બીજી તરફ ઈકો કારમાં સવાર પરિવારે પોતાની લાડકી દીકરી ગુમાવી છે. એક જ ક્ષણમાં બે પરિવારોના જીવનમાં અંધકાર છવાઈ ગયો છે. સ્થાનિક લોકો પણ આ ઘટનાથી દુઃખ વ્યક્ત કરી રહ્યા છે. અકસ્માતની જાણ થતા જ જરોદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે તાત્કાલિક ટ્રાફિક વ્યવસ્થા સંભાળી અને અકસ્માતગ્રસ્ત વાહનોને રોડ પરથી હટાવી વાહનવ્યવહાર પુનઃ શરૂ કર્યો હતો. પોલીસ દ્વારા મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે અને અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વડોદરા રેલવે સ્ટેશન પર ઈમરજન્સી સાઈરન ગુંજતા જ અફરાતફરી મચી

**સાઇનર** વાગવાનું ચોક્કસ કારણ સ્પષ્ટ થયું નથી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા ગાયકવાડી નગરીના વ્યસ્ત ગણાતા વડોદરા રેલવે સ્ટેશન પર આજે અચાનક ઈમરજન્સી સાઈરન વાગતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લેટફોર્મ પર ટ્રેનની રાહ જોઈ રહેલા અને અવરજવર કરી રહેલા મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને કોઈ મોટી દુર્ઘટના બની હોવાની આશંકાએ લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

સામાન્ય દિવસની જેમ રેલવે સ્ટેશન ધમધમી રહ્યું હતું, ત્યારે અચાનક વાગેલા તીવ્ર સાઈરનના અવાજે સૌને ચોંકાવી દીધા હતા. રેલવેના પ્રોટોકોલ મુજબ, ઈમરજન્સી સાઈરન કોઈ મોટી દુર્ઘટના, આગ અથવા સુરક્ષા સંબંધી ગંભીર ખતરા સમયે વગાડવામાં આવે છે. આ સાઈરન સાંભળતા જ મુસાફરો પોતાના સામાન સાથે સુરક્ષિત સ્થળે જવા માટે દોડવા લાગ્યા હતા, જેના કારણે થોડીવાર માટે સ્ટેશન પર અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ હતી.

ઘટનાની ગંભીરતાને જોતા વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર સહિતના ઉચ્ચ અધિકારીઓ, રેલવે પોલીસ અને રેલવે પ્રોટેક્શન ફોર્સના જવાનો તાત્કાલિક પ્લેટફોર્મ પર પહોંચી ગયા હતા. DRM એ સ્વયં પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. અધિકારીઓની હાજરીને પગલે મુસાફરોને શાંત પાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

સાઈનર વાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પ્રાથમિક માહિતી મુજબ, આ કોઈ ટેકનિકલ ખામી હોઈ શકે છે અથવા તો કોઈ મોક ડ્રીલનો ભાગ હોઈ શકે છે. જોકે, તંત્ર દ્વારા સત્તાવાર રીતે હજુ કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. રેલવેના ટેકનિકલ વિભાગ દ્વારા કંટ્રોલ રૂમ અને સાઈરન સિસ્ટમની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

નશાની હાલતમાં હોવાનું અનુમાન, પ્રેમી સાથે ઝઘડાને પગલે મકરપુરામાં જાહેરમાં બખેડો કર્યાની ચર્ચા

## પોલીસની 112 વાનના બોનેટ પર બેસી સગીરાએ કર્યો હંગામો

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં એક 16 વર્ષીય સગીરાએ પ્રેમીને મળવા ગઈ હતી. પરંતુ પ્રેમી ન મળતા સગીરા રોષે ભરાઇ હતી અને જાહેર રોડ પરથી પસાર થતી પોલીસની 112 વાન પસાર થતા તેને ઉભી રખાવી હતી ત્યારબાદ તેની સગીરા વાનના બોનેડ પર પર ચડી બેસી ગયા બાદ ધમપછાડાં કરવા લાગી હતી. સગીરાએ પોતાની સાથે આવુ 3 વાર થયું છે અને ત્યારબાદ તેને દર વખતે પોલીસ સ્ટેશન જવું પડે છે તેમ કહીને બુમરાણ મચાવવા લાગી હતી. જેથી આખરે સગીરાને માંજલપુર પોલીસ સ્ટેશનમાં લઇ જવાઇ હતી.

વડોદરા શહેરમાં મકરપુરા વિસ્તારમાં ઉત્તરાયણના રોજરાત્રિના સમયે પ્રેમીને ધો.11માં અભ્યાસ કરતી 16 વર્ષીય સગીરા મળવા માટે ગઇ હતી. પરંતુ કોઇ બાબતે તેનો પ્રેમી તેને મળવા માટે આવ્યો હતો અને જેના કારણે સગીરા ભારે અકળાઇ ગઇ હતી અને રોડ પર ધમપછાડા કરવા લાગી હતી. તે દરમિયાન પાસેથી પોલીસ 112 વાન પસાર થતી હતી ત્યારે સગીરાએ તેને રોકી હતી અને ત્યારબાદ વાનના બોનેટ પર ચડીને બેસી ગઇ હતી. ત્યારબાદ ભારે હોબાળો મચાવ્યો હતો જેના કારણે રાહદારી તથા આસપાસમાંથી લોકો આ દ્રશ્ય જોઇને ભેગા થઇ ગયાં હતા. જાહેરમાં સગીરા ધમાલ મચાવતી હોય જેમ તેમ કરીને તેણીને માંજલપુર પોલીસ સ્ટેશન લઈ જવાઈ હતી અને તેના માતા પિતાની હાજરીમાં તેનું કાઉન્સિલિંગ કરાયું હતું. તેનો વીડિયો વાઈરલ થયો હતો. જેમાં તેણી જણાવતી હતી કે તેણી પ્રેમીના ઘરે ગઈ હતી, પરંતુ પ્રેમીને મળવા નહી દેવાતા તેણે ત્યાં રોષે ભરાઇ હતી અને હોબાળો મચાવી દીધો હતો. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતાં માંજલપુર પોલીસ સ્ટેશનની ટીમ ઝડપથી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઈમરજન્સી હેલ્પલાઈન 112ની વાન પણ તાત્કાલિક આવી પહોંચી હતી. સગીરા ગુસ્સામાં પોલીસ વાન પર ચડી ગઈ અને હોબાળો મચાવ્યો હતો અને ધમપછાડા કર્યા હતા. જેથી પોલીસે સજાવી પોલીસે તેને સુરક્ષિત રીતે માંજલપુર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી. પોલીસે સગીરાનું કાઉન્સિલિંગ પતી ગયા બાદ તેને ઘરે જવા દીધી હતી. આ મામલે માંજલપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એલ ડી ગમારાએ જણાવ્યું હતું કે, સગીરા ધો.11માં અભ્યાસ કરે છે. તેના માતા પિતાને બોલાવીને સગીરાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. તેના પ્રેમીને નહી મળવા દેતા ગુસ્સે થઈ હતી. કાઉન્સેલિંગ બાદ તેને જવા દેવાઈ હતી.



### સગીરાને ઉતારવા જતાં વ્યક્તિને માથામાં મોબાઇલ માર્યો

સગીરા ગાડી પર ચડીને બૂમો પાડી રડવા લાગે છે આ દરમિયાન સગીરાને ગાડી પરથી ઉતારવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ તેણીએ ઉતરવાની ના પાડી હતી. પરિસ્થિતિ ગંભીર બનતા અન્ય લોકો પણ વચ્ચે પડે છે. એક વ્યક્તિ સગીરાનો હાથ પકડતા સગીરા ગુસ્સે થઈ ગઈ હતી અને એક વ્યકિતિને થપ્પડ મારીશ તેમ કહેવા લાગી હતી. એક વ્યક્તિએ તેને ઉતારતા માથામાં મોબાઇલ માર્યો હતો. જેથી એક મહિલા સગીરાને ભાન કરાવવા માટે થપ્પડ મારી દીધો હતો.